ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ માં
ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૯૧-૮૬૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૭/૯૨

<u>ઠરાવ</u> :-

ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સને ૧૯૭૩ ના ગુજરાતના ૧૮ મા) નો કલમ-૫૩ ના પેટા કલમ-(૩) થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નીચેનો ફેરફાર મંજુર કરેલ છે.

વર્તમાન વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ) સુધારાના નીચે મુજબ વાંચવો.

" વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ)
---------------------------

બિન અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહીં પણ નોકરીના વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજના વર્ષ દીઠ હક્ક રજા મળશે. પરંતુ સભ્યને તેની ૨૪૦ દિવસની રજા લેણી થાય એટલે તરત જ હક્ક રજા મળતી બંધ થશે.

(૨) ઉપરોક્ત મળવાપાત્ર રજાઓ પૈકી દરેક કર્મચારીના રજા હિસાબમાં દર ૭ મહીને એટલે કે દરેક વર્ષના પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈના દિવસે ૧૫ દિવસની વર્ષે કુલ ૩૦ દિવસની પ્રાપ્ત રજા અગાઉથી જમા કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.આર.સોની )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સે-૧૦-બી, ગાંધીનગર
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ,
હોસ્ટેલ બિલ્ડીંગ, પોલીટેકનીક કમ્પાઉન્ડ, અમદાવાદ
સિલેકટ ફાઈલ.

ડોબાપટેલ૧૭૭/